# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ 09 માર્ચ 2020 ❖ વર્ષ – 20 ❖ અંક – 12 ❖ સળંગ અંક - 240

## ધમ્મવાણી

**पमादं अप्पमादेन, यदा नुदति पण्डितो ।**
**पञ्ञापासादरूय्ह, आसोको सोकिनिं पजं ।**
**पब्बतट्ठोव भूमट्ठे , धीरो बाले अवेक्खति।।**

જ્યારે કોઇ સમજદાર વ્યક્તિ પ્રમોદને અપ્રમાદ વડે દૂર હડસેલી દે છે, અર્થાત્ જીતી લે છે, ત્યારે તે પ્રજ્ઞા રૂપી પ્રાસાદ પર ચઢીને શોકરહિત થઇ જાય છે. આવો શોકરહિત ધીર મનુષ્ય શોકગ્રસ્ત વિમૂઢ લોકોને આમ જ (કરુણાભાવ થકી) જુએ છે, જેમ પર્વત પર ઉભેલ (કોઇ વ્યક્તિ) નીચે જમીન પર રહેલ લોકોને જોતી હોય ! **-ધમ્મપદ**

## અણમોલ ભેટ

રાજ્યના શાસક હોવાને કારણે પ્રજાના વિભિન્ન સાંપ્રદાયિક વર્ગોને રાજી રાખવા માટે મગધ–નરેશ બિંબિસાર તે સમયના બધા જ આચાર્યો પ્રત્યે માન–સન્માન જાળવી રાખતો. તેઓને જે રીતે પહેલાં દાન–દક્ષિણા આપીને રાજી રાખતો હતો, તેવી જ રીતે અત્યારે પણ રાજી રાખતો રહ્યો. ભગવાનનો એ આદેશ પણ હતો કે એમના પૂર્વ આચાર્યોને અપાતી દાન–દક્ષિણામાં કોઇ ઉણપ ન આવવી જોઇએ. હવે તો એ ભગવાન બુદ્ધ અને એમણે શીખવાડેલ સંપ્રદાયિકતા–વિહીન શુદ્ધ ધર્મ પ્રત્યે અનન્ય ભાવથી સમર્પિત હતો, કારણ કે આ જ માર્ગ પર ચાલીને એણે જાતે સત્યનો સાક્ષાત્કાર કર્યો હતો અને સ્રોતાપન્ન થયો હતો. એની શ્રદ્ધા અતૂટ હતી.

**એ દિવસોની એક ઘટના...**

રોરુવ નગરના શાસક મહારાજ તિષ્ય. એકબીજાથી દૂર રહેતા હોવાથી પરસ્પર મેળાપ ન થઇ શક્યો, પરંતુ રાજદૂતોના માધ્યમથી અને અરસપરસ સંદેશાની લેવડદેવડથી તિષ્ય શ્રેણિક બિંબિસારનો પરમ મિત્ર બની ગયો હતો. તેને પોતાનો પરમ સહાયક માનવા લાગ્યો હતો.

એક વખત મહારાજ તિષ્યે પોતાના ન જોયેલા પરમ મિત્ર અને સહાયક મહારાજ બિંબિસારને પોતાના રાજદૂત દ્વારા બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ અને મણિ–મુક્તાથી ભરેલો થાળ ભેટરૂપે મોકલ્યો. બિંબિસાર ખૂબ પ્રસન્ન થયો, તેને પણ બદલામાં પોતાના મિત્રને કાંઇક ભેટ મોકલાવવી હતી. રત્નોની જ ભેટ મોકલવી યોગ્ય હતી. પરંતુ આ પ્રકારની ભેટ અગાઉ અનેક વખત મોકલાઇ ચૂકી હતી. આ વખતે કોઇ અનોખી ભેટ આપવી જોઇએ, હવે તો બુદ્ધના શરણે આવી ગયો હતો. તરત જ આ વાત યાદ આવી :

**यंकिञ्चि वितं इध वा हुरं वा, सग्गेसु वा यं रतनं पणीतं ।**
**न नो समं अत्थि तथागतेन, इदम्पि बुद्धे रतनं पणीतं ।**
**इम्दम्पि धम्मे रतनं पणीतं, इदम्पि संघे रतनं पणीतं ।।**

– આજે જે પણ ભૌતિક રત્ન–સંપત્તિ અહીં મારી પાસે છે અથવા ત્યાં મારા મિત્ર પાસે છે, અથવા જે પણ બહુમૂલ્ય રત્ન સ્વર્ગલોકમાં છે, એમાંથી કોઇની પણ સરખામણી એ રત્ન સાથે નથી કરી શકાતી, કે જે તથાગતમાં છે ; એવું અણમોલ રત્ન બુદ્ધમાં, ધર્મમાં અને સંઘમાં છે. આવું સર્વોત્તમ, સર્વમંગલકારી અનુપમ રત્ન હું મારા મિત્રને કેમ ન મોકલું ?

એટલે એણે એક કુશળ કલાકારને બોલાવ્યો અને એક ચિત્રપટ પર બુદ્ધ–કથા અંકિત કરાવી. આવા છે ભગવાન અરહંત, સમ્યક્, સમ્બુદ્ધ, કે જે શાક્ય–વંશના રાજકુળમાં જન્મ્યા અને સત્યની શોધમાં ગૃહત્યાગ કરી વનવાસી થયા. વિભિન્ન સાધના પદ્ધતિઓનો અભ્યાસ કર્યા પછી પણ લક્ષ્ય સિદ્ધ ન થતાં જાતે પ્રયત્ન કરીને વિપશ્યના સાધના પદ્ધતિ શોધી કાઢી અને એનો અભ્યાસ કરી સમ્યક્ સમ્બુદ્ધ બન્યા.

કરૂણ ચિત્તથી વારાણસીના મૃગદાય વનમાં ધર્મચક્ર પ્રવર્તન કર્યું અને ત્યારબાદ લોકો પર અનુકંપા કરીને બહુજનના હિત–સુખને માટે, રાજા અને પ્રજાના ભલા માટે તેઓ એવા શુદ્ધ ધર્મનો પ્રચાર કરી રહ્યા છે, કે જે આદિમાં કલ્યાણકારી, મધ્યમાં કલ્યાણકારી અને અંતમાં કલ્યાણકારી છે. એવો ધર્મ જે કેવળ પરિપૂર્ણ છે, કેવળ પરિશુદ્ધ છે. કેવળ પરિપૂર્ણ એ અર્થમાં કે શીલ–સમાધિ–પ્રજ્ઞાવાળા આ આર્ય આષ્ટાંગિક માર્ગમાં અન્ય કાંઇ જોડવાની જરૂર જ નથી, કારણ કે એમાં કોઇ ઉણપ નથી. કેવળ પરિશુદ્ધ એ અર્થમાં કે એમાંથી કાંઇ કાઢી નાખવાની જરૂર જ નથી, કારણ કે એમાં લેશમાત્ર પણ કોઇ અશુદ્ધિ નથી. ભગવાન ધર્મને શબ્દોના સ્તરે જ નહિ, અર્થના સ્તર પર સમજાવતા સારી રીતે આખ્યાત કરે છે. ફક્ત સિદ્ધાંતોના સ્તર પર જ નહિ, પરંતુ વ્યવહારિક સ્તર પર પ્રકાશિત કરે છે. આ બ્રહ્માચરણને, ધર્માચરણને જાતે પોતાના જીવનમાં ઉતારીને પ્રકાશિત કરે છે.

એવો ધર્મ જ સારી રીતે વર્ણવેલ છે, જે સાંદષ્ટિક છે, જેમાં કાલ્પનિક માન્યતાઓને કોઇ સ્થાન નથી, જે અકાલિક છે એટલે કે જેનું પાલન કરવાથી અહીં જ ફળ પ્રાપ્ત થાય છે, જેને કોઇપણ આવે અને જે મુક્તિ માટેનો સીધો માર્ગ છે અને જે દરેક સમજદાર વ્યક્તિ માટે જાતે અનુભવ કરવા યોગ્ય છે.

આવા છે આ વિશુદ્ધ માર્ગ પર ચાલવાવાળા સાધક સંઘ કે જે સ્રોતાપન્ન છે અથવા સક્દાગામી છે અથવા અનાગામી છે અથવા અરહંત છે. એટલે પૂજ્ય છે. અનુત્તર પુણ્યક્ષેત્ર છે. એવું છે આ અનુત્તર ધર્મશાસન; એવો છે આ શાસ્તા દ્વારા અનુશાસિત વિમલ શ્રાવક સંઘ. અને પછી એક સુવર્ણ–પત્ર પ્રતિત્યસમુત્પાદનો સિદ્ધાંત કોતરાવ્યો. જ્યારે છ ઇન્દ્રિયો પર તત્સંબંધિત વિષયોના સંસ્પર્શથી

સંવેદના થાય છે, ત્યારે અવિદ્યાને કારણે રાગ–દ્વેષવાળી તૃષ્ણા ઉદ્દભવે છે અને આમ દુઃખોનો આરંભ થઇ જાય છે. પોતાની જ અણસમજને કારણે તેમાં વધારો થવા લાગે છે. બીજી બાજુ વિપશ્યના વિદ્યા દ્વારા આ છ ઇન્દ્રિયોનો નિરોધ થવાથી સ્પર્શનો આપમેળે નિરોધ થઇ જાય છે. આ ઇન્દ્રિયાતીત, વેદનાતીત, અવસ્થામાં તૃષ્ણાનો નિરોધ થઇ જાય છે. તો દુઃખનો જ નિરોધ થઇ જાય છે. નવા સંસ્કાર બનતા નથી અને જૂના બધા ક્ષીણ થઇ જાય છે તો સાધક પોતે જ વિમુકત અવસ્થા પ્રાપ્ત કરી લે છે. સર્વજનીન, સાર્વકાલિક, સાર્વદેશિક ધર્મ–નિયામતાનો આ સિદ્ધાંત એક સુવર્ણપત્ર પર અંકિત કરાવ્યો. એ ચિત્રપટ અને સુવર્ણપત્ર પોતાના મિત્ર તિષ્યને મોકલાવ્યાં કે જે ધર્મ–અણમોલ–રત્ન હોવાને કારણે મિત્ર માટે અત્યંત કલ્યાણકારી સાબિત થયું.

તિષ્યે જયારે આ ધર્મ–રત્નનો સંદેશ વાંચ્યો ત્યારે એના મનમાં તીવ્ર ધર્મ–સંવેગ જાગ્યો. લોકમાં કોઇ વ્યકિત બુદ્ધ થઇ છે ! અને મુકિતદાયક શુદ્ધ ધર્મ શીખવી રહી છે ! અને હજારોની સંખ્યામાં લોકો એનો અભ્યાસ કરી વિમુકત અવસ્થાનો સાક્ષાત્કાર અહીં આ જ જીવનમાં કરી રહ્યા છે ! આ સંદેશ ખરેખર ખૂબ જ પ્રેરણાદાયક હતો. તિષ્યે પોતાનું રાજપાટ છોડયું, ઘરબાર છોડયું અને રાજગિરિ આવી ભગવાનનું શરણ સ્વીકાર્યુ. તેણે દીક્ષિત થઇ એમની પાસેથી વિપશ્યના સાધના શીખી અને કઠોર પરિશ્રમ કરી થોડા સમયમાં જ મુકત અવસ્થા પ્રાપ્ત કરી લીધી. તિષ્ય સ્થવિર અરહંતોમાંના એક હતા. મુકિતની એ અવસ્થામાં તેઓએ ધર્મનાં જે ઉદાન ગાયાં, તે આ મુજબ છે :

**हित्वा सतपलं कंसं, सोवण्णं सतराजिकं ।**

**अग्गहिं मत्तिकापत्तं, इदं दुतियाभिसेचनं ।।**

– ભારે કાંસાનાં પાત્રોનો અને બહુમૂલ્ય સુંદર સુચિત્રિત સુવર્ણ પાત્રોનો ત્યાગ કરી આ જે માટીનું ભિક્ષાપાત્ર ગ્રહણ કર્યું, એ જ મારો બીજો અભિષેક છે.

પહેલો અભિષેક તો વિભિન્ન નદીઓ અને રાજપુષ્કરિણીઓના જળથી કરવામાં આવેલો રાજયાભિષેક હતો કે જે કેટલો નશ્વર અને કેટલો નિસ્સાર હતો. પરંતુ આ બીજો અભિષેક શુદ્ધ ધર્મામૃતથી કરવામાં આવ્યો, જે કેટલો કલ્યાણકારી અને સ્વસ્તિમુકિત પ્રદાયક પુરવાર થયો છે !

ધન્ય છે આ બીજો અભિષેક ! ધન્ય છે સન્મિત્રનો અણમોલ ધર્મ ઉપહાર ! કેટલો સાર્થક ! અને કેટલો સફળ !!

## સરળ ચિત્ત

સરળતા જ ચિત્તની વિશુદ્ધિ છે. કુટિલતા મલિનતા છે. મલિનતા અનર્થકારિણી છે, વિશુદ્ધતા સર્વાર્થ–સાધિની. કુટિલતા સર્વહિતનાશિની છે, સરળતા સર્વહિતકારિણી. ન કેવળ પોતાનું બલ્કે, સહુનું હિતસુખ સાધવા માટે સરળતા અપનાવીએ, કુટિલતા ત્યાગીએ.

નૈસર્ગિક સ્વચ્છ મન સ્વભાવથી જ સરળ હોય છે. સરળતા ગઇ તો સમજો સ્વસ્થતા ગઇ. સરળતા ગુમાવવાનાં ત્રણ પ્રમુખ કારણો છે. જેમનાથી આપણે સાવધાન રહીને બચવું જોઇએ. ક્યાં ત્રણ ? તૃષ્ણા, અહંમન્યતા અને દાર્શનિક દૃષ્ટિઓ– **'તણ્હા-માન-દિટ્ઠિ'**. આ ત્રણ માંથી કોઇ એ પ્રત્યે મનમાં જયારે જેટલી આસકિત ઉત્પન્ન થાય છે ત્યારે આપણે તેટલી જ સરળતા ખોઇ બેસીએ છીએ, તેટલી જ સ્વચ્છતા ગુમાવી બેસીએ છીએ, તેટલા જ મલિન થઇ જઇએ છીએ, તેટલા જ સુખ–શાંતિવિહીન થઇ જઇએ છીએ, તેટલા જ દુઃખી થઇ જઇએ છીએ.

જયારે કોઇ વસ્તુ, વ્યકિત અથવા સ્થિતિ પ્રત્યે તૃષ્ણા જાગે છે અને આસકિત વધે છે ત્યારે તેને પ્રાપ્ત કરવા માટે અથવા પ્રાપ્ત થઇ હોય તો પોતાને આધીન રાખવા માટે આપણે હીનથી હીન ઉપાય અપનાવવા દગાબાજી વગેરે બધું જ અપનાવીએ છીએ. પોતાના પાગલપણામાં મનની બધી સરળતા ખોઇ બેસીએ છીએ. પ્રિય પ્રત્યેનો અનુરોધ જ અપ્રિય પ્રતિ વિરોધ ઉત્પન્ન કરે છે. આથી આપણે એટલા પ્રમત્ત બની ઊઠીએ છીએ કે તૃષ્ણાપૂર્તિમાં જે પણ બાધક જણાય છે, તેને દૂર કરવા માટે, નષ્ટ કરવા માટે અસીમ ક્રોધ, રોષ, દ્વેષ, દોર્મનસ્ય અને દુર્ભાવનાઓ ઉત્પન્ન કરવા લાગીએ છીએ અને પરિણામે પોતાની સુખશાંતિનો ભંગ કરી લઇએ છીએ. મનની સરળતા નષ્ટ કરી લઇએ છીએ.

એ જ પ્રમાણે જયારે 'હું–મારાં' પ્રત્યે આસકિત વધે છે તો પેલાં મિથ્યા કલ્પિત 'હું–મારાં'ની મિથ્યા સુરક્ષા અને મિથ્યા હિતસુખ માટે, જેમને 'હું–મારાં' નથી માનતા તેમની મોટામાં મોટી હાનિ કરવા તૈયાર થઇ જઇએ છીએ. આવું કરી વાસ્તવમાં તો પોતાની જ વધારે હાનિ કરીએ છીએ, પોતાના મનની સરળતાની હત્યા કરીએ છીએ, પોતાની આંતરિક સ્વચ્છતા ખોઇ બેસીએ છીએ, પોતાની સુખશાંતિ ગુમાવી બેસીએ છીએ. અન્યોને ઠગવાના પ્રયાસમાં સ્વયં ઠગાઇ જઇએ છીએ.

એ જ પ્રમાણે જયારે આપણે કોઇ દાર્શનિક દૃષ્ટિ અથવા સાંપ્રદાયિક માન્યતા પ્રત્યે આસકિત થઇ જાય છે તો સંકુચિતતાના શિકાર થઇ જઇએ છીએ અને મનની સહજ સરળતા ખોઇ બેસીએ છીએ. મન જયારે પાણીની માફક સહજ–સરળ–તરલ હોય છે તો પોતાને સચ્ચાઇના પાત્રને અનુકૂળ ઢાળી દે છે અને પોતાની સરળતા પણ નથી ગુમાવતું. રસ્તામાં અવરોધ આવે તો કલકલ કરતું, તેની બાજુમાંથી પસાર થઇ જાય છે. કોઇ અવરોધ તેને કાપે છે. બે ટુકડા કરે છે તો કપાઇને પણ અવરોધથી આગળ વધીને ફરીથી જોડાઇ જાય છે. તેવું ને તેવું જ બની જાય છે. જયારે કોઇ અવરોધ દીવાલની જેમ સામે આવીને ગતિ રોકી દે તો ધૈર્યપૂર્વક ધીરે ધીરે ઊંચે વધીને તે દીવાલને ઓળંગીને સહજ ભાવથી આગળ વહી જાય છે. પરંતુ મન જયારે પત્થરની જેમ કઠોર થઇ જાય છે તો ખડકોથી ટકરાઇને ચિનગારીઓ પેદા કરે છે, ચૂરચૂર થઇ જાય છે.

જયારે આપણી દૃષ્ટિ દાર્શનિક વિશ્વાસો, અંધમાન્યતાઓ, કર્મકાંડો અને બાહ્ય આડંબરો પ્રત્યે આસક્ત થઇ રૂંધાઇ જાય છે ત્યારે જડ બની જાય છે. જડ દૃષ્ટિ નિર્જીવ થઇ જાય છે, આપણે અંધ બનાવે છે અને આપણા કલ્યાણનો રસ્તો બંધ કરી દે છે. સાંપ્રદાયિકતાના દાસત્વમાં જકડાયેલા રહેવાને કારણે આપણે સત્યને પોતાના ચશ્માથી જ જોવા માંગીએ છીએ, તેને મારી–મચડીને પોતાની માન્યતાને અનુકૂળ બનાવવા માંગીએ છીએ, તેના પર પોતાના રંગરોગાન કરી તેની સહજ સ્વાભાવિક્તા, સહજ સૌંદર્ય નષ્ટ કરીએ છીએ. આ દુષ્પ્રયાસમાં પોતાના મનની સરળતાને નષ્ટ કરીએ છીએ, તેને કુટિલતાથી ભરીએ છીએ.

કુટિલતા કઠોરતા છે, સરળતા મૃદુતા. કુટિલતા

અભિમાનતા છે, સરળતા નિરાભિમાનતા. કુટિલતા ગ્રંથિ-બંધન છે, સરળતા ગ્રંથિ-વિમોચન.

ગ્રંથિ-બંધન ખૂબ દુઃખદાયી છે. સાચું સુખ તો ગ્રંથિ-વિમોચનમાં જ છે, વિમુક્તિમાં જ છે. જ્યારે સરળતા ખોઇને કુટિલતા અપનાવીએ છીએ, ત્યારે ત્યારે પોતાનું માનસિક સમતોલન ખોઇ બેસીએ છીએ, ભીતર ને ભીતર ખેંચતાણ શરૂ થઇ જાય છે, અજાણપણે ગાંઠો બાંધવા લાગીએ છીએ. અંર્તમન ગંઠાઇ જાય છે તેની સાથે સાથે શરીરના રેષા-રેષા કાથીના દોરડાની જેમ વળ ખાઇખાઇને અકડાઇ જાય છે. એથી આપણે બેચેન, અશાંત, વ્યાકુળ જ રહીએ છીએ. આપણી આ આંતરિક વ્યાકુળતા જ્યારે ને ત્યારે ચીડ અને ધૂંધવાટના રૂપમાં બહાર પ્રગટ થાય છે અને આ પ્રમાણે આપણે આપણી બેચેની અન્ય પર વરસાવીએ છીએ.

આનાથી વિપરીત મન જ્યારે સહજ-સરળ રહે છે તો મૃદુ-મધુર, સૌમ્ય-સ્વચ્છ, શીતલ-શાંત રહે છે. શરીર પણ હળવું ફૂલ જેવું અને પુલક રોમાંચથી ભર્યું ભર્યું રહે છે. પરિણામે આપણે પ્રીતિ-પ્રમોદ અને સુખ-સૌહાર્દથી ભરપૂર બનીએ છીએ. આપણું આ આંતરિક પ્રીતિ-સુખ, મૈત્રી અને કરુણાના રૂપમાં બહાર પ્રગટ થાય છે અને આ રીતે આપણે પોતાની સુખશાંતિ અન્યને વહેંચીએ છીએ. આસપાસના સમગ્ર વાતાવરણને પ્રસન્નતાથી ભરી દઇએ છીએ.

એટલે જ, આત્મહિત, પરહિત અને સર્વહિત માટે કુટિલતાનો ત્યાગ કરીએ, સરળતા અપનાવીએ.

કુટિલતામાં મહાઅમંગળ સમાયેલું છે, સરળતામાં મહામંગલ !

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**
**-''અણમોલ ભેટ'' તથા ''ધર્મ આદર્શ જીવનનો આધાર'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨૮૦ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ-ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ ક્વાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧૨૦ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાત જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**ખાતાનું નામ :** સૌરાષ્ટ્ર વિપશ્યના રીસર્ચ સેન્ટર
**બેંક :** HDFC LTD. બેંક **શાખા :** યાજ્ઞિક રોડ, રાજકોટ
**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ
**IFSC કોડ :** HDFC0000101 **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

વિપશ્યના ધ્યાનનું પ્રથમ ચરણ
**''આનાપાન ધ્યાન''**
**શીખવા માટે તેમ જ વિપશ્યના વિશે વિશેષ માહિતી મેળવવા માટે**
**જોડાવ આપણા વોટસએપ ગ્રુપ સાથે**
**ગ્રુપમાં જોડાવા માટે વોટસએપ મેસેજ કરો ''આપનું નામ, શહેરનું નામ''**
**આ નંબર સેવ કરો**
**94262 02222**

વિપશ્યના પરિચય તેમજ સૌરાષ્ટ્રના કેન્દ્રોની માહિતી માટે ગૂગલ પ્લે સ્ટોર પર
**''એન્ડ્રોઇડ એપ્લીકેશન''**
ઉપલબ્ધ છે.
ANDROID APP ON Google play
**VIPASSANA DHAMMAKOT**

## ધમ્મનર્મદા કેન્દ્ર નિર્માણકાર્ય

દક્ષિણ ગુજરાતમાં નર્મદા નદીકિનારે ભરૂચ અને અંકલેશ્વરની નજીક ધમ્મનર્મદા વિપશ્યના સાધના કેન્દ્ર શરૂ થવા જઇ રહ્યું છે.

''ધમ્મનર્મદા કેન્દ્ર'' માટે ભૂમિસંપાદનનું કાર્ય થઇ ગયું છે. કુદરતી વાતાવરણમાં ધર્મના શક્તિશાળી તરંગોવાળી આ ભૂમિ પર લગભગ ૧૨૫ સાધકો માટેનું કેન્દ્ર બનાવવાનું આયોજન છે. કુલ અંદાજિત વ્યય રૂા. ૨૦ કરોડની અંદર થશે. સહુ સાધક ભાઇ-બહેન પાસે દાનની પુણ્યપારમી એકત્ર કરવાની એક અમૂલ્ય તક આવી છે. ''સબ્બ દાનં ધમ્મદાનં જિનાતી''.

તપોભૂમિ માટે આપેલ દાન સર્વોચ્ચ દાન છે, કારણ કે પેઢીઓ સુધી શુદ્ધ ધર્મ ફેલાવવાના કાર્યમાં આ તપોભૂમિ અવિરતપણે કાર્યરત રહેશે.

જો આપ ધમ્મનર્મદા માટે દાન આપવા ઇચ્છુક હો તો નીચેની વિગતે ચેક/ડી.ડી./ઓનલાઇન ટ્રાન્સફર દ્વારા કરી શકો છો.

| | |
|---|---|
| **ખાતાનું નામ :** | **ધમ્મનર્મદા વિપશ્યના કેન્દ્ર** |
| **બેંક :** | BANK OF BARODA |
| **શાખા :** | ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ બ્રાન્ચ |
| **ખાતાનંબર :** | ૦૯૯૧૦૧૦૦૦૨૩૦૪૯ |
| **IFSC કોડ :** | BARBOINDBRO |
| **MICR કોડ :** | ૩૯૨૦૧૨૦૦૩ |

# ગુજરાતના વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ,
પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય
૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
સંપર્ક ::
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
M : 78 78 72 72 40,
M : 93279 23540,
E-mail :
dhammakot@gmail.com

01-04 to 12-04-20
15-04 to 26-04-20
29-04 to 10-05-20
13-05 to 24-05-20
27-05 to 07-06-20
10-06 to 21-06-20
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
03-09 to 11-09-20
**3 DAYS**
24-12 to 27-12-20
**1 DAY**
26-04-2020
24-05-2020
21-06-2020

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી
૧૫ કિ.મી., N.H. નં.–૮
બોરિયાચ ટોલનાકાથી 2km
પશ્ચિમે, **ગામ :** વગલવાડ,
તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 99090 38250
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail :
info@ambika.dhamma.org

15-05 to 26-05-20
27-05 to 07-06-20
09-06 to 20-06-20
22-06 to 03-07-20
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
31-08 to 08-09-20
**10-DAY SPL.**
10-09 to 21-09-20
**3 DAYS**
09-04 to 12-04-20
07-05 to 10-05-20
**Teen. Girls**
15-04 to 23-04-20
**Teen. Boys**
25-04 to 03-05-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ,
૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ,
લાકડા બજાર, માંડવી,
કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-237303,
M : 78746 23305
96385 77325
E-mail :
info@sindhu.dhamma.org

06-04 to 17-04-20
19-04 to 30-04-20
03-05 to 14-05-20
**For Female**
17-05 to 28-05-20
**For Male**
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
21-04 to 29-04-20
16-06 to 24-06-20
**3 DAYS**
09-04 to 12-04-20
22-05 to 25-05-20
**Teen. Girls**
06-05 to 14-05-20
**Teen. Boys**
20-05 to 28-05-20

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના
કેન્દ્ર–ધમ્મપીઠ
અમદાવાદ
રનોડા તા. ધોળકા,
જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
M : 89800 01110
M : 94264 19397
E-mail :
info@pitha.dhamma.org

01-04 to 12-04-20
15-04 to 26-04-20
10-05 to 21-05-20
27-05 to 07-06-20
10-06 to 21-06-20
24-06 to 05-07-20
08-07 to 19-07-20
22-07 to 02-08-20
05-08 to 16-08-20
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
20-08 to 28-08-20
**3 DAYS**
30-04 to 03-05-20

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭–અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
M : 8840833000
98240 65668
E-mail :
info@divakara.dhamma.org

08-04 to 19-04-20
22-04 to 03-05-20
06-05 to 17-05-20
20-05 to 31-05-20
03-06 to 14-06-20
17-06 to 28-06-20
**ફક્ત જૂના સાધકો માટે**
**2-DAYS**
02-07 to 04-07-20
**3-DAYS**
05-11 to 08-11-20
**20 DAYS**
22-07 to 12-08-20
**30 DAYS**
22-07 to 22-08-20

## ધમ્મપાલિ

ગામ: ટોડી, સોનગઢ–
પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail :
dhammapali15@gmail.com

15-04 to 26-04
29-04 to 10-05
13-05 to 24-05
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**-13-6 to 21-6-20
**1 DAY** - 05-04-2020

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

05-05 to 16-05-20
10-07 to 21-07-20
11-09 to 22-09-20
**3 Days**-12-6 to 15-6-20
**1 DAY**- 03-05-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

ક્ષણ ક્ષણ મંગલ હી જગે, ક્ષણ ક્ષણ સુખ હી હોય ।
ક્ષણ ક્ષણ અપને કર્મ પર સાવધાન યદિ હોય ॥

સતત સજગ હો દેખતે, કાયા ચિત્ત સ્વભાવ ।
નએ ઘાવ હોયેં નહીં, ભરેં પુરાને ઘાવ ॥

કાયા ચિત્ત પ્રવાહ પર, સજગ નિરન્તર હોય ।
નએ કર્મ બાંધે નહીં, ક્ષીણ પુરાતન હોય ॥

## દોહા ધરમના

પ્રતિપલ નિજ અજ્ઞાન સે, ગાંઠ બાંધતા જાય ।
અપ્રમત્ત પ્રતિપલ રહે, સહજ મુક્ત હો જાય ॥

મન પ્રમત્ત હોવે નહીં, ક્ષણ ક્ષણ જાગે હોશ ।
તો અંતસ નિર્મલ બને, દૂર હોય સબ દોષ ॥

સતત સાધના રત રહેં, રહે નિરન્તર હોશ ।
દૂર રાગ કા રોગ હો, દૂર દ્વેષ કા દોષ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 9 ફેબ્રુઆરી 2020** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013.**
**Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
**ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23**
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org